



# બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં હોબાળો : સદસ્યો ભાન ભૂલ્યા : સામ-સામે ગાળાગાળી

આજે બનાસકાંઠા જીલ્લા પંચાયતની ખાસ સાધારણ સભા યોજાઈ હતી. જો કે ગણતરી ની મીનીટો માં જ સભા આટોપી લેવાતા જીલ્લા પંચાયત સંકુલમાં ભારે હોબાળો સર્જવા પામ્યો હતોમ સામાન્ય રીતે ગુજરાત માં કોઈ પણ જીલ્લા પંચાયત માં મુખ્ય બે પક્ષો વચ્ચે ગરમા ગરમી તો થતી હોય છે તેમજ ક્યારેક સામાન્ય બાબતે વોક આઉટ પણ થતો હોય છે જો કે આજે બનાસકાંઠા જીલ્લા પંચાયત ની ખાસ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં જીલ્લા વિકાસ અધિકારી તેમજ જીલ્લા પંચાયત -મુખ ની હાજરી માં સભા ની શરૂઆત થઈ હતી. જો કે વિપક્ષ દ્વારા માત્ર ૨ જ રજુ કરતા ગણતરી ની મીનીટો માં જ સભા આટોપી લેવાઈ હતી જેના પગલે રાજય સરકાર સહીત સરકારી બાબુ ઓ સામે પણ ભારે સુત્રોચ્ચાર કરાયા હતા. તેમજ સભા સ્થળે થી જીલ્લા વિકાસ અધિકારીની ચેમ્બરમાં આ મામલે રજૂઆત કરાઈ હતી. કોગ્રેશના ધારાસભ્યો તેમજ ચૂંટાયેલા જીલ્લા પંચાયતના સભ્યો જીલ્લા વિકાસ અધિકારીની ચેમ્બરમાં રજૂઆત કરવા દોડી આવ્યા હતા. આ વાતની જાન જીલ્લા પંચાયતના -મુખને થતા તેઓ પણ ભાજપના તમામ સદસ્યો સાથે ડીડીઓની ઓફીસમાં દોડી આવ્યા હતા જેના લીધે બંને પક્ષના -તિનિધિઓ વચ્ચે ડીડીઓની ઉપસ્થિતિમાં બીભત્સ વક -હારો થયા હતા. મહિલા સદસ્યોની ઉપસ્થિતિ હોવા છતાં બેશરમ બની કેટલાક સભ્યો મારામારી પર પણ ઉતરી આવ્યા હતા. કોઈ સભ્યએ પાપીના આરોપ મુક્યા હતા તો કોઈએ ખૂનીના આક્ષેપો કાર્ય હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસાના કંસારી ટોલનાકા નજીક કાર-ટ્રેલર વચ્ચે અકસ્માત

ડીસા, તા. ૮

ડીસાથી ધાનેરા જતા રોડ પર કંસારી નજીક આજે સમી સાંજે બનેલા એક ગમખ્વાર અકસ્માતના બનાવમાં એક ટ્રેલર ચાલકે ગફલતભર્યુ ડ્રાઈવિંગ કરી સામેથી આવતી એક કારને ટક્કર મારતા કાર હવામાં ફંગોળાઈ હતી. જેમાં કારમાં સવાર મુસાફરોમાં એક બાળક અને એક શિક્ષકનું ઘટનાસ્થળે કરૂણ મોત થયું છે. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થતા તેમને સઘન સારવાર અપાઈ રહી છે.

આ ગમખ્વાર અકસ્માતની વિગતો જોઈએ તો ડીસાના આખોલ ચાર રસ્તાથી ધાનેરા જતા મુખ્ય હાઈવે રોડ પર કંસારી ટોલનાકા નજીક એક ટ્રેલર ચાલકે ગફલતભર્યા ડ્રાઈવિંગ સાથે પસાર થઈ રહ્યો હતો જોકે તેવાજ સમયે ડીસા તાલુકાના નાંદલા ગામે રહેતા સુથાર સમાજના મુસાફરો શ્રાવણ માસ હોઈ બાલારામ ખાતે દર્શન કરી ઘેર પરત આવતા હતા તેવા જ સમયે કંસારી નજીક યમદૂત બની આવેલા ટ્રેલર ચાલકે આ કારને સામેથી જોરદાર ટક્કર મારતા કાર હવામાં ફંગોળાઈ હતી અને નીચે પટકાઈ હતી. જેમાં કારમાં સવાર મુસાફરો પૈકીના અને શિક્ષક તરીકે નોકરી કરતા વિષ્ણુભાઈ કેશવભાઈ સુથાર ઉંમર વર્ષ ૪૫ તથા નાગજી સુથાર નામનો ૧૨ વર્ષીય કિસોર કરૂણતાએ ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય મુસાફરોમાં રૂપાભાઈ પ્રતાપભાઈ સુથાર ઉં.વ. ૪૦, અજમલજી ધુળાજી સુથાર ઉં.વ. ૪૫ તેમજ પારસ રમેશભાઈ સુથાર ઉં.વ. ૨૫ તેમજ એક અન્ય વ્યક્તિ સહીતના મુસાફરો ગંભીર રીતે ઘાયલ થતા તેમને ૧૦૮ મારફતે તાત્કાલિક ડીસાની સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તેમની હાલત નાજુક બનતા વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડાયેલા છે. આમ પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે શિવધામ બાલારામ ખાતે દર્શન કરી પરત ફરતા પરિવારને અકસ્માત નડતા અને અકસ્માતમાં બેના મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. જ્યારે આ મામલાની ડીસા તાલુકા પોલીસે હાલ તપાસ હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોઘા, ડીસા)

# ચાલુ શાળાએ મોબાઈલનો ઉપયોગ કરનારા શિક્ષકો સામે શિક્ષણાત્મક પગલા લેવાશે

મોડાસા, તા.૦૮

શાળા સમય દરમીયાન પ્રાથમિક શાળાના શીક્ષકો વધુ પડતા મોબાઈલ પર મસ્ત રહેતા હોવાની અનેક ફરીયાદો ઉઠયાબાદ સબ્રકારના આદેશ પછી સફાળા જાગી ઉઠેલા અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા શાળા સમય દરમીયાન શિક્ષકોને મોબાઈ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દેતાં શિક્ષકોના મોં-વાંકા થઈ ગયા છે. પરંતું વર્તમાન સમયમાં બાળકોના ભવિષ્ય માટે આ પગલું સંપુર્ણપણે જરુરી હોવાનું જણાઈ રહયુ છે.

શાળા સમય દરમિયાન શિક્ષકોને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા સામે પાબંદી ફરમાવ્યા બાદ ઓંચિંતી તપાસ કરવામાં આવશે. તપાસ દરમીયાન આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ શિક્ષક દ્વારા કરાતી જણાઈ આવશે. તો પ્રથમ વખત ચેતવણી આપવામાં આવશે અને ફરીથી મોબાઈલ નો ઉપયોગ કરતા પકડાશે તો



## જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરાશે

અરવલ્લી જીલ્લા સહિતના મોટાભાગના જીલ્લાઓની પ્રાથમિક શાળાઓના શિક્ષકો શાળા સમય દરમીયાન બાળકોના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કરવાના બદલે મોટાભાગે ફોન પર ગેમ રમતા કે ચેંટીંગ કરતા વ્યસ્ત જ રહેછે. આ પ્રકારની ફરીયાદો ઉઠયા બાદ મુખ્યમંત્રીએ પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવાના આશયથી તમામ શિક્ષણ અધિકારીઓને સુચના આપી હતી. જે અનુસંધાને અરવલ્લી જીલ્લા શિક્ષણ અધિકારીએ પણ તમામ શાળાઓના મુખ્ય શિક્ષકોને પત્ર પાઠવી શાળા સમય દરમીયાન મોબાઈલ ફોનના ઉપયોગ સામે પાબંદી ફરમાવી દીધી હતી. સરકાર અને શિક્ષણાધીકારીના આ પગલા થી સદાય મોબાઈલ માં મસ્ત રહેનારા શિક્ષકોના પેટમાં તેલ રેડાયુ છે. જે તે કસુરવાર શિક્ષકની સર્વીસ બુકમાં નોંધ પાડી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

પ્રાથમિક શાળામાં બાળકોના અભ્યાસનું સ્તર દીન પ્રતીદિન કથડી રહયુ છે. તેના માટે જવાબદાર શિક્ષકો દ્વારા શાળા સમય દરમીયાન છુટથી કરાતો મોબાઈલનો ઉપયોગ જવાબદાર હોવાનુ તારણ અને ફરીયાદો બાદ તંત્ર દ્વારા લેવાયેલા આ પગલાને વ્યાજબી હોવાનુ સર્વત્ર પ્રતીત થઈ રહયુ છે. ત્યારે ખરેખર શિક્ષણ વિભાગે આ માટે સરપ્રાઈઝ ચેંકીંગ કરી મોબાઈલ મેનિયાક બની ગયેલા શિક્ષકો સામે કાર્યવાહી કરે તે પણ એટલુજ જરુરી છે બાકી તો આવા પ્રતિબંધ ના કાગળ ફકત ફાઈલમાં જ ઠુંઠવાઈ રહેશે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ડીસા તાલુકાના આસેડા ગામની દૂધ મંડળીને તાળાબંધી : મંત્રી વિરુદ્ધ ઠગાઈના ગંભીર આક્ષેપો

ડીસા, તા. ૮

ડીસા તાલુકના આસેડા ગામે આવેલી દૂધમંડળી માં આજે દૂધ ઉત્પાદકોએ તાળાબંધી કરી હતી, જેમાં રોષે ભરાયેલા ગામના દૂધ ઉત્પાદકો નો આક્ષેપ છે કે મંડળી ના મંત્રીએ તેમને હિસાબ ચુકવણી બાબતમાં વિશ્વાસમાં રાખી સહી અંગુઠા કરાવી બાકી નીકળતી રકમ ની જગ્યાએ અડધી રકમ ચૂકવી રજીસ્ટરમાં અડધી રકમ ની જગ્યાએ પૂરી રકમ ઉધારી ગામના અંદાજીત ૯૦૦ જેટલા દૂધ ઉત્પાદકો સાથે વિશ્વાસઘાત કર્યો હતો. જેમાં રોષે ભરાયેલા દૂધ ઉત્પાદકો એ તે બાદ દૂધ મંડળી ના મકાન ને તાળા માર્યા હતા. જેનાથી મોટો વિવાદ છેડાયો છે જોકે આસેડા દૂધમંડળીના કથિત આરોપોથી ઘેરાયેલા મંત્રી એ આ તમામ આરોપો ફગાવ્યા હતા



બનાસકાંઠા જીલ્લામાં ગામે ગામ સ્થપાયેલી સ્થપાયેલ વિવિધ દૂધમંડલીઓં માં દૂધ એકત્રિત કરી બનાસ ડેરીમાં પહોચાદાય છે,જેમાં જેતે ગામની ડેરી તેમને ત્યાં દૂધ ભરાવતા દૂધ ઉત્પાદકો ને દર ૧૫ દિવસે જમા દૂધ નો હિસાબ રોકડમાં ચુકવે છે. જેમાં ડીસા તાલુકા ના આસેડા ગામે આવેલી અને છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત બનેલી તેમજ ૯૦૦ થી વધુ દૂધ ઉત્પાદકો ધરાવતી ધી આસેડા દૂધ ઉત્પાદક સહકારી મંડલી માં આજે દૂધ ઉત્પાદકોએ મંત્રી દ્વારા તેમને ચૂકવાયેલ રકમ માં ગોટાળા કરી /છેતરપીંડી કરી હોઈ તપાસ ની માંગ સાથે આજે મંડળી માં તાળાબંધી કરતા ભારે હંગામો સર્જાયો હતો.ગામના દૂધ ઉત્પાદકો નો રોષ સાથે આખું ગામ જોડાયું હતું જેમને દૂધ મંડળી ખાતે જમા થઈ તેમની સાથે લાખોની થયેલી ઠગાઈ સામે વળતર અને ન્યાય માંગતા મામલો ગરમાયો હતો જેમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા દૂધ ઉત્પાદકો એ કાયદો હાથમાં લઈ ચીટીંગ કરતા મંત્રી નો હુરિયો બોલાવી મંડળીને તાળા માર્યા હતા જેનાથી દૂધ મંડળીનું કામકાજ થપ્પ થયુંહતું. લોકો પોતાના રોષ ને વ્યાજબી ગણાવ્યો હતો.

જોકે આ હંગામા સામે આસેડા દૂધમંડળીનાં દૂધ ઉત્પાદકો એ કરેલા કથિત આરોપોથી ઘેરાયેલા દૂધડેરી ના મંત્રી અમરતભાઈ જોરાભાઈ દેસાઈ એ દૂધ ઉત્પાદકોના આરોપોને ફગાવ્યા હતા અને ચોક્કસ કોમના લોકો મારી કામગીરી થી નારાજ હોઈ મને નાહકનો કલંકિત કરવા આ આક્ષેપો કરતા હોવાનું પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. તેમને વધુમાં જણાવ્યું હતું કે આ બાબતે અમારી વડી શાખા બનાસડેરી તરફથી આ આક્ષેપો ની અગાઉ ન્યાયિક તપાસ થઈ છે. જેમાં હિસાબો અને રેકર્ડ જોતા મને ક્લીનચીટ મળી છે.તેવું જણાવતા આક્ષેપો -તિ આક્ષેપો વચ્ચે આસેડા ગામની દૂધમંડળી હાલ તાળાબંધીએ માં સપડાતા આ સમગ્ર મામલો ચકચારી બન્યો છે.

(કાંતિલાલ લોઘા, ડીસા)

# મોડાસા મેવાડ માહેશ્વરી સમાજ દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના મેવાડ માહેશ્વરી સમાજ મોડાસા દ્વારા સૌપ્રથમ વખત જન્માષ્ટમી નિમિત્તે ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મોડાસાના જેસી હોલમાં મેવાડ માહેશ્વરી સમાજ દ્વારા જન્માષ્ટમીની સંધ્યાએ મધ્યરાત્રી સુધી ભગવાન કૃષ્ણના જન્મ સુધી વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો, વડીલોનું સન્માન, ભજનકીર્તન, રાસ-ગરબા સાથે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત યોજવામાં આવેલ કાર્યક્રમને ખૂબ જ ટુંકા સમયમાં નવ યુવક મંડળના તમામ ભાઈ બહેનો ભારે જહેમત ઉઠાવી જન્મોત્સવના ઉત્સવને સફળ બનાવ્યો હતો. વડીલો તેમજ સમાજના બંધુઓ દ્વારા ઉદારતાથી સહિયોગ આપ્યો હતો તેમજ ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળશે તેની ખાત્રી આપી હતી. પવન ઈનાણી તેમજ માહેશ્વરી નવ યુવક મંડળના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી ધાર્મિક ઉત્સવને સફળ બનાવ્યો હતો.

# ડીસાના ભીલડી હાઈવે પર ટ્રકમાંથી ૩૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૮

ભુજ આર.આર.સેલ પોલીસ અને ડીસા તાલુકા પોલીસે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરી બાતમી આધારે ભીલડી હાઈવે રોડ પર માલગઢ ગામ નજીક થી પસાર થઈ રહેલી એક શકમંદ ટ્રક અટકાવી હતી, અને તેની તલાશી લેતા આ ટ્રકમાં લાકડાના ભૂંસામાં ૧૪૭ પેટી વિવિધ માર્કાનો વિદેશી દારુ મળી આવ્યો હતો, જેથી પોલીસે ટ્રક ચાલક ની અટકાયત કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

જેમાં માલગઢ નજીક આ શકમંદ ટ્રક નમ્બર એચ.આર.૫૫/ એન.૧૯૬૩ આવતા તેને અટકાવી હતી અને તે બાદ ની તલાશી લેતા આ ટ્રકમાં માં લાકડાના ભૂંસા ની નીચે સંતાડેલી વિદેશી દારૂની કુલ ૭૪૭ પેટી મળી આવી હતી. જેની ગણતરી કરતા આ પેટીઓં માં કુલ ૧૨,૭૨૦ બોટલો હતી, જેની કિંમત રૂપિયા ૩૫,૧૯,૬૦૦ તેમજ ગુનાના કામે ઝડપાયેલ ટ્રકની કિમત ૧૫ લાખ તેમજ તાટપત્રી, મોબાઈલ, સહીત કુલ રૂપિયા ૫૦,૨૧,૬૦૦ નો મુદામાલ પોલીસે તપાસ અર્થે કબજે કરેલ છે.



# ખેડબ્રહ્મા પાલિકાની સામાન્ય સભામાંથી વિરોધ પક્ષ ભાજપનો વોકઆઉટ

## સભામાં ભાજપના બળવાખોર સદસ્યને ટી.પી.ના ચેરમેન તથા અપક્ષને પાણી પુરવઠાના ચેરમેન બનાવાયા

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે મળી હતી. જેમાં ૧૩ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી હતી. સભામાં ઉગ્ર બોલાચાલી અને તૂ તૂ મે મે થતાં વિરોધ પક્ષ ભાજપના સદસ્યોએ સભામાંથી વોકઆઉટ કર્યો હતો. જ્યારે કોંગ્રેસે ભાજપના બળવાખોર સદસ્ય ટાઉન પ્લાનીંગ સમિતિના ચેરમેન બનાવી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ગેહહાજર રહેવા બદલ ઈનામ આપ્યું હતું.

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા મંગળવારે પાલિકા પ્રમુખ સાગરભાઈ પી. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સત્તાપક્ષ કોંગ્રેસના ૧૨ સદસ્યો ભાજપના ૧૧ તથા એક અપક્ષ મળી કુલ ૨૪ સદસ્યો હાજર રહ્યા હતા. જ્યારે ભાજપની ત્રણ મહીલા સદસ્યો ગેરહાજર રહી હતી. સભામાં ભાજપના બળવાખોર સદસ્ય વલ્લભભાઈ આર. પટેલ સભાપક્ષના સદસ્યો સાથે બેઠા હતા. સામાન્ય સભામાં સમિતિઓની રચનાના મુદ્દા નંબર-૨ સમયે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અને તૂ તૂ મે મે થતાં મામલો ગરમાયો હતો. ભાજપના સભ્યોની મતદાનની માંગણી વખતે સત્તાધારી પક્ષના સદસ્યો તથા વલ્લભભાઈ પટેલે ભાજપના સદસ્યો સાથેના ગેરવર્તણુંક અને અસભ્ય વર્તન અને તમારી જરૂર નથી તેવું કહેવાના મુદ્દે ભાજપના ૧૦ સદસ્યો ચીફ ઓફીસરને સમિતિઓની રચના માટે નવેસરથી મીટીંગ બોલાવવા લેખિતમાં આપી સભામાંથી વોકઆઉટ કર્યો હતો.




# મોડાસા નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરાયા

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મેડાસા શહેરમાં ઠેર ઠેર ગેરકાયદેસર બાંધકામો જોવા મળતા હોય છે. ત્યારે આજ રોજ મોડાસા નગરપાલિકાએ જાણે આખો ઉઘાડી હોય અને આ ગેરકાયદેસર બાંધકામ કરનારીઓ સામે લાલ આંખ કરી હોય તેમ માલપુર રોડ પર આવેલા કેટલાક ગેરકાયદેસર બાધકામોને તોળી પાડવામાં આવ્યા હતા. અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આવેલા મુખ્ય મથક એવા મોડાસામાં તંત્ર ઘોર નિંન્દ્રામાંથી જાગ્યુ હોય તેમ નગરપાલિકાએ મંજુર કરેલા પ્લાન મુજબ બાંધકામ ન કરનારાઓ સામે હવે કાયદેસરના પગલા લેવાનું નકકી કર્યુ હોય તેમ આવા બાંધકામોને તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારે આ કામમાં કોઈ અડચણ ન આવે તે માટે પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને ટાઉન પી.આઈ. કે. જે. ચૌધરી સહિત પોલીસ સ્ટાફનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો તેમજ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર સુનિલ પુરોહિત અને બાંધકામ વિભાગના દેવાંગ સોની સહિત નગરપાલિકાના વર્કરો સહિત હાજર રહી આ કામગીરી હાથ ધરી હતી.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)